સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-8 | ગુજરાતી | જુલાઈ, 2020

સમય: 1 કલાક | કુલ ગુણ: 25

*** અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)**

અ.નિ. પરિચિત, અપરિચિત પરિસ્થિતિનું વર્ણન અને વિશ્લેષણ કરી શકે છે.

પ્રશ્ન: 1 કોવિડ-19ના લીધે આવેલ લોકડાઉન દરમિયાનના તમારા અનુભવો સાત – આઠ વાક્યોમાં લખો. 5

અ.નિ. કાવ્યપંક્તિ, વિચારવિસ્તાર, સૂકિત, કહેવતો અને ગદ્ય-પદ્યનું સ્વતંત્ર લેખન તથા સારલેખન કરી શકે છે.

પ્રશ્ન:2. માગ્યા મુજબ લખો.

1. કાવ્યમાંથી નીચે આપેલ અર્થ દર્શાવતી પંકિતઓ શોધી લખો. 3
   - કવિ સતત પરિશ્રમ કરતા રહ્યા પરંતુ તેમની મહેનતનું ફળ ન મળ્યું.
   - મારા જીવનમાં પ્રકાશ ન ફેલાયો તે મારા માટે ખૂબ દુઃખની વાત છે.
   - હે પરમાત્મા હું તમારી પાસે વધુ નહિ જ્ઞાનનો એક તણખો માગું છું.
2. કાવ્યપંક્તિ તમારા શબ્દોમાં સમજાવો. 2

   ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી
   વિશ્વાનલ ! હું અધિક ન માગું-
   માગું એક ચિનગારી, મહાનલ ! એક જ દે ચિનગારી.

અ.નિ. બિલ , રિસિપ્ટ , રેપર , રિપોર્ટ , મિનિટ્સનો માહિતી માટે ઉપયોગ કરે છે.

પ્રશ્ન:3. જાહેરાત વાંચી તેને આધારે નીચે આપેલ પ્રશ્નોના યોગ્ય ઉત્તર લખો. 5

ડીજીટલ પે માર્ગદર્શન
એકવીસમી સદીમાં ઉપયોગી .....

તા. 20/01/2019 સમય: સાંજના 4.00 થી 5.00
લાભાર્થી જૂથ : 15 વર્ષથી 80 વર્ષ સુધીના.
રજીસ્ટ્રેશન તારીખ: 10/01/2019 એક જ દિવસ (વહેલા તે પહેલા.....)
સ્થળ: વાણિજ્ય ભવન, અલકાપુરી, વડોદરા
કેશલેસ અર્થતંત્રના ફાયદા : વિચારો અને અનુભવો

- છેતરપીંડીથી બચીએ
- કાગળ અને સમયને બચાવીએ
- રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપીએ.
- કરચોરી, ભ્રષ્ટાચારને અટકાવીએ
- ચોરોથી સુરક્ષિત પાકીટ અને ઘર

આયોજક: વિકાસ ફાઉન્ડેશન, વડોદરા
સંપર્ક: xxxxx xxxxx

(1) ડીજીટલ પે માર્ગદર્શનની બેઠક ક્યાં યોજવામાં આવી હતી ?

(અ) વાણિજ્ય ભવન (બ) ભૂલકાં ભવન (ક) સરદાર ભવન (ડ) ગાંધીભવન

(2) ડીજીટલ પે માર્ગદર્શન બેઠકમાં નીચેનામાંથી કઈ ઉંમરની વ્યક્તિ લાભ મેળવી શકશે ?

(અ) 12 વર્ષ (બ) 82 વર્ષ (ક) 75 વર્ષ (ડ) 14 વર્ષ

(3) ડીજીટલ પે વિશે નીચે પૈકી શું સાચું છે ?

(અ) શાકભાજી લેવા માટે રોકડા રૂપિયા લઈને જવું

(બ) રોકડમાં વ્યવહાર કરવો

(ક) પૈસા ઉપાડવા ATMમાં જવું

(ડ) રોકડાને બદલે કાર્ડથી વ્યવહાર કરવો.

(4) આ શાની જાહેરાત હતી?

(અ) ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનની.

(બ) વેપાર ધંધા માટેની.

(ક) ચોરી અટકાવવાની.

(ડ) રોકડ નાણાં વ્યવહાર ઘટાડવાની.

(5) ડીજીટલ પે દ્વારા થનાર કોઈ એક લાભ જણાવો.

અ.નિ. આશરે 5000 જેટલા શબ્દો જા ણે છે અને શબ્દકોશનો ઉપયોગ ક રે છે તેમજ વ્યાવહારિક વ્યાકરણ જાણે છે.

પ્રશ્ન:4. માગ્યા મુજબ ઉત્તર આપો. 5

(1) અનુકૂળ સંજોગોમાં તો બધા કામ કરે પણ .....ના સમયમાં કામ કરે તે વિરલ કહેવાય.

(અ) સાનુકૂળતા (બ) દુર્ગમ (ક) વિપત્તિ (ડ) સહજતા

(2) જુદો પડતો શબ્દ શોધીને લખો.

મૂલ્ય, શુલ્ક, ભાવ, નફો, દર

(2) ગાંધીજીની વિદ્યાર્થીઓને ભણાવવાની અને શિક્ષા કરવાની રીત બેજોડ હતી.

(ઉપરોક્ત જવાબ મળે તે માટે યોગ્ય પ્રશ્નરચના શોધીને લખો.)

(અ) શિક્ષા એટલે સજા કે શિક્ષણ?

(બ) બેજોડ એટલે જેની જોડ ન હોય તેવી કે જેની બે પ્રકારની જોડ હોય તેવી ?

(ક) ગાંધીજીની ભણાવવાની અને શિક્ષા કરવાની રીત કેવી હતી?

(ડ) અહીં કોને ભણાવવાની વાત છે?

(4) આપેલ શબ્દના ધ્વનિ (સ્વર-વ્યંજન) છૂટા પાડી લખો. " મહાનલ"

(5) વ્યંજન-સ્વરને જોડી શબ્દ બનાવો. ખ્ + અ + ર્ + અ + ચ્ + ઈ =

અ.નિ. ગદ્યાંશ પરથી સારાંશ, શીર્ષક પરથી વાર્તા જેવા લેખોનું સર્જન કરી શકે છે.

પ્રશ્ન:5 (નર્સ, ડોક્ટર, હોસ્પિટલ,પોલીસ,એમ્બ્યુલન્સ, સેવાભાવી સંસ્થાઓ, સ્વયંસેવકો) આપેલા શબ્દોનો ઉપયોગ કરી એક ફકરો તૈયાર કરો. 5

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ 8 | ગુજરાતી | ડિસેમ્બર, 2020

સમયઃ 1 કલાક | કુલ ગુણઃ 25

(અ.નિ.: અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ.નિ. ગદ્ય પદ્યનું સ્વતંત્ર લેખન, સાર લેખન અને સમીક્ષા કરે છે.

પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. કયા કયા પ્રસંગોએ વિદાય આપવાની કે વિદાય લેવાની થાય છે? 2
2. સંકલ્પ કરવાથી થતા બે ફાયદા અને બે મુશ્કેલીઓ જણાવો. 2
3. 'દુઃખોને માત કરીએ' એટલે શું? 1

અ.નિ. સ્વતંત્ર લેખન કરે છે.

પ્રશ્ન-2 તમે આ વખતે કોવિડ-૧૯ની સ્થિતિમાં 'દિવાળી' અને 'બેસતા વર્ષની' ઉજવણી કેવી રીતે કરી તે અંગે 8-10 વાકયોનો ફકરો લખો. **(5)**

અ.નિ. કોષ્ટક, બિલ, રિસિપ્ટ, રિપોર્ટ વગેરેનો માહિતી માટે ઉપયોગ કરે છે

પ્રશ્ન-3 આપેલા કોષ્ટકનો અભ્યાસ કરી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (5)

પર્વતમાળા	રાજ્યો	લંબાઇ	ઊંચાઇ
અરવલ્લી	રાજસ્થાન	560 km	300-900 m
વિંધ્યાચળ	મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર	1086 km	450-1100 m
સાતપુડા	મધ્યપ્રદેશ, ગુજરાત, છત્તીસગઢ	1500 km	400-1600 m
પૂર્વઘાટ	ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, તામિલનાડુ	800 km	300-1100 m
દક્ષિણઘાટ	તામિલનાડુ	200 km	450-1200 m

(1) કઇ પર્વતમાળાની લંબાઈ સૌથી ઓછી છે?

(2) તમિલનાડુમાં કઇ કઈ પર્વતમાળાઓ છે?

(3) અરવલ્લીની ઉંચાઈ કેટલી છે?

(4) એક કરતા વધુ પર્વતમાળાઓ ક્યા-કયા રાજ્યોમાં છે?

(5) સૌથી ઊંચી પર્વતમાળા કઇ છે?

અ.નિ. કહેવતો, રૂઢિપ્રયોગો વગેરેનો અર્થ સમજે છે.

પ્રશ્ન-4 માગ્યા મુજબ કરો. **(5)**

1 'અ' વિભાગની કહેવતો/રૂઢિપ્રયોગોના અર્થ ધરાવતા શબ્દસમૂહો 'બ' વિભાગમાંથી શોધીને જોડો.

અ	બ
1. અધૂરો ઘડો છલકાય ઘણો	1. ધીરજનાં ફળ મીઠાં
2. ઉતાવળે આંબા ના પાકે	2. ટીંપે ટીંપે સરોવર ભરાય
3. કાંકરે કાંકરે પાળ બંધાય	3. પોતાના સ્થાનેથી ખસવું
4. કોરોનાને હરાવવો	4. ખાલી ચણો વાગે ઘણો
5. સ્ખલિત થવું.	5. રોગને માત કરવો.

અ.નિ. શબ્દનો અર્થ, શબ્દ શબ્દ વચ્ચેનો સંબંધ, સંધિ, સ્વર- વ્યંજન, સમાનાર્થી, શબ્દસમૂહ માટે એક શબ્દ, વિરોધી શબ્દ, વાકયના પ્રકાર, અલંકાર, સમાસ, સંયોજક, વિરામચિહ્નો વિશે જાણે છે અને ભાષામાં ઉપયોગ કરે છે.

પ્રશ્ન-5 નીચે આપેલ ફકરામાંથી દ્વંદ્વ સમાસના શબ્દો શોધીને લખો. **(5)**

રામાયણ એટલે રામસીતા વિષયક મહાકાવ્ય. સાથે સાથે તેમાં રામલક્ષ્મણ બંને ભાઈઓ તેમજ માતા-પિતા પ્રત્યેનો અનેરો ભાવ પણ જોવા મળે છે. વનવાસ દરમિયાન આશ્રમનું સમગ્ર વાતાવરણ રમણીય જણાતું હતું. રામાયણ કાવ્ય એક-બે વખત નહીં પરંતુ જેટલીવાર વાંચીએ એટલીવાર નવું શીખવા મળે એવો અનુભવ થાય છે. ઘણા વડીલો સવાર-સાંજ રામાયણનું વાંચન કરતા હોય છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-8 | ગુજરાતી | સપ્ટેમ્બર 2020

સમય 1 કલાક | કુલ ગુણ 25

(અ.નિ.: અધ્યયન નિષ્પત્તિ -Learning Outcome)

અ.નિ. વાંચેલી સામગ્રીમાંથી કાર્યકારણ સંબંધોને આધારે વધારે માહિતી મેળવવા માટે શા માટે? કેવી રીતે ? જેવા પ્રશ્નોને સમજીને જવાબ આપે છે.

પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોના યોગ્ય ઉત્તર લખો.

1 વ્યક્તિના જીવનમાં માતાનું શું મહત્વ હોઈ શકે? [3]

2 જુમા ભિસ્તીના પ્રાણીપ્રેમનું તમારા શબ્દોમાં વર્ણન કરો. [2]

અ.નિ. સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ આપે છે.

પ્રશ્ન-2 નીચે આપેલ કાવ્યપંક્તિ વાંચી પ્રશ્નોના જવાબ આપો.

કોણે કીધું ગરીબ છીએ? કોણે કીધું રાંક?
કાં ભૂલી જા મન રે ભોળા ! આપણા જુદા આંક
થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,
એમાં તો શું બગડી ગયું? એમાં તે શી ખોટ?
ઉપરવાળી બેંક બેઠી છે આપણી માલામાલ
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ

પ્રશ્નોઃ

1 કવિની જિંદગી અંગેની સમજ કેવી છે? [2]

2 કવિ કઈ વાતને ખોટ ગણતા નથી? [1]

3 ઉપરવાળી બેંક એટલે કઈ બેંક? [1]

4. સમાન પ્રાસ ધરાવતા શબ્દોની બે જોડ શોધીને લખો. [1]

અ.નિ. આશરે ૫૦૦૦ જેટલા શબ્દો જાણે છે અને શબ્દકોશની મદદથી માન્ય જોડણીનો વ્યવહારિક ઉપયોગ કરે છે.

પ્રશ્ન-3 માગ્યા મુજબ કરો.

1 ઘર, ઝૂંપડી, બંગલો, ઓફિસ, ફ્લેટ (જુદો પડતો શબ્દ દૂર કરો) [1]

2 શ્રીમંતોના ઘેર પૈસાની છોળ રેલાય છે જ્યારે ગરીબના ઘેર _____ [1]

(અ) ફૂટી બદામ નથી (બ) ખાવા અન્ન નથી (ક) કોડી પણ નથી

3 પરમાત્મા દયાળુ છે. (વિશેષણ ઓળખી તેની નીચે લીટી દોરી તેને આધારે નવું વાક્ય બનાવો. [1]

4 'ઇક' પ્રત્યયથી બનતા બે શબ્દો બનાવો. દા.ત. સંસ્કૃતિ- સાંસ્કૃતિક [1]

5 નીચેના શબ્દોના અર્થ લખો. [1]

ગાડી _____ ગાંડી_____

અ.નિ. શબ્દનો અર્થ, શબ્દ શબ્દ વચ્ચેનો સંબંધ, સંધિ, સ્વરવ્યંજન -, સમાનાર્થી, શબ્દસમૂહ માટે એક શબ્દ, વિરોધી શબ્દ, વાક્યના પ્રકાર, અલંકાર, સમાસ, સંયોજક, વિરામચિહ્નો વિશે જાણે છે અને ભાષામાં ઉપયોગ કરે છે .

પ્રશ્ન-4 નીચે આપેલ વાક્યોનું કર્તરિ, કર્મણિ, ભાવે અને પ્રેરક વાક્યમાં વર્ગીકરણ કરો. **[5]**

1. રવિથી મોટેથી હસી પડાયું.
2. આકાશે શોખ ખાતર એક ફૂતરો પાળ્યો.
3. દાંત વગર કાંઈ ખવાય?
4. કિરણથી ગાયને રોટલી નખાઈ.
5. પ્રવીણ ફોટો પડાવે છે.

અ.નિ. સ્વતંત્ર લેખન કરે છે. (નિબંધ, પત્ર, રોજનીશી, આત્મકથા , અહેવાલ લેખન અને વાર્તાલેખન)

પ્રશ્ન-5 તમારા વિસ્તારમાં આવેલા જોવાલાયક સ્થળની મુલાકાત તમે લીધી હશે તેને આધારે આઠ-દસ લીટીમાં અહેવાલ તૈયાર કરો. **[5]**

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-8 | ગુજરાતી | તા.25/02/2022

સમયઃ 1 કલાક | કુલ ગુણઃ 25

પ્રશ્ન- 1 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. **(05)**

(1) તમારા ઘરે આવેલા મિત્રની મહેમાનગતિ તમે કેવી-કેવી રીતે કરશો?

(2) તમે શ્રીમંત કોને કહેશો? સમજાવો.

પ્રશ્ન-2 નીચેની જાહેરાત વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો આપો. **(05)**

તા.25/01/2022
<u>રખડતાં ઢોરોને પકડવા કર્મચારી જોઇએ છે.</u> પગાર ધોરણ- માસિક 9000/- રૂ. લાયકાત- ધોરણ-10 પાસ (25 થી 35 વર્ષના સશક્ત અને ખડતલ ઉમેદવારો માટે) <u>પત્ર વ્યવહારનું સરનામું :</u> નગર પાલિકા નવસારી, તા.જિ. નવસારી પિનકોડ – 396445

પ્રશ્નો:

(1) ઉપરોક્ત જાહેરાત શેની છે?

(2) આ નોકરી મેળવવા માટેની વયકક્ષા કેટલી રાખવામાં આવી છે?

(3) આ નોકરી મેળવનારને દર મહિને કેટલો પગાર મળશે?

(4) ઉમેદવારમાં કઈ બે યોગ્યતા હોય તો નોકરી મળી શકે?

(5) નોકરી મેળવવા અરજી ક્યાં કરવી પડે?

પ્રશ્ન-3 નીચે આપેલ ગદ્યાંશોનું પદ્યમાં રૂપાંતર કરી લખો. **(05)**

(1) સૂકાં પાંદડા ખડખડ અવાજ કરીને વન ગજવે છે, જ્યારે લીલાં પાન હંમેશા શાંત રહે છે.

(2) અંધકારની પીંછી જેના પર પડે છે તે રંગાઈ જાય છે પણ દીવો રંગાતો નથી.

પ્રશ્ન-4. સૂચના મુજબ જવાબ આપો. **(05)**

(1) લીટી દોરેલ શબ્દોની જગ્યાએ યોગ્ય રૂઢિપ્રયોગ મૂકી વાક્ય ફરીથી લખો.

- દાદા પાછળ આખલાને આવતો જોઈને બા <u>ભારે ચિંતામાં પડી ગયા.</u>

(2) નીચેના વાક્યમાં યોગ્ય સ્થાને વિરામચિહ્નો મૂકો.

- તો દાદા તમે નિઃશ્વાસ કેમ મૂક્યો.

(3) નીચેના વાક્યમાંથી રવાનુકારી શબ્દપ્રયોગ ઓળખાવો.

- ઘડિયાળની ટકટકથી મારી ઊંઘ ઊડી ગઈ.

(4) નીચેના વાક્યમાંથી સંપૂર્ણ દ્વિરુક્તિવાળો શબ્દ પ્રયોગ ઓળખાવો.

- વરસાદ પડ્યો એટલે મમ્મીએ ગરમગરમ મેથીના ગોટા બનાવ્યા.

(5) નીચેનામાંથી સુભગનો અર્થ કયો છે?

(1) પાણી (2) સુંદર (3) ઊંઘ (4) સિંહ

પ્રશ્ન-5 નીચે આપેલ પંક્તિઓના વિચાર વિસ્તાર કરો. **(05)**

(1) પોપટ કોયલ બોલ, થોડો પણ લાગે ભલો;
વૃથા ગુમાવે તોલ , બહુ બોલીને દેડકા.

(2) સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલી ઈમારત એના નક્શામાં નથી હોતી.

શિક્ષક માટેઃ

પ્રશ્ન નંબર	અ.નિ.ક્રમાંક	વિધાન
1	**G802**	**પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં સંવાદ, ચર્ચા, વર્ણન વિશ્લેષણ કરી પોતાના અભિપ્રાયો વ્યક્ત કરે છે.**
2	**G817**	**બિલ, રીસિપ્ટ, રેપર, રિપોર્ટ, જાહેરાત વગેરેમાં આપેલ માહિતી સમજે છે અને ઉપયોગ કરે છે.**
3	**G815**	**કાવ્યપંક્તિઓનું પદ્યમાંથી ગદ્યમાં અને ગદ્યમાંથી પદ્યમાં લેખન કરે છે.**
4	**G819**	**વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.**
5	**G816**	**ગદ્ય તથા પદ્યનું સ્વતંત્ર લેખન કરે છે.**

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ: 8 **ગુજરાતી** **તારીખ: 12/01/2022**

સમય: 1 કલાક **કુલ ગુણ: 25**

પ્રશ્ન- 1 **પ્રશ્નોના જવાબ લખો** **(5)**

(1) શું બાને મૂકીને જતાં સંતાનોએ પણ બા જેવી વેદના અનુભવી હશે? વિચારીને લખો.

(2) સરદાર વલ્લભભાઇ પટેલના વ્યક્તિત્વની વિશેષતાઓ લખો.

પ્રશ્ન-2. **આપેલ કાવ્યપંક્તિનું ગદ્યમાં લેખન કરો.** **(5)**

આવનારી સૌ ખુશીની વાત કરીએ,
એક નવી શરૂઆતની શરૂઆત કરીએ.

હર વખત શું માત થઈ જાવું દુઃખોથી ?
ચાલ આ વખતે દુઃખોને માત કરીએ.

બ્હારથી દેખાય જેવી સ્વચ્છ-સુંદર,
દોસ્ત, અંદરથીય એવી જાત કરીએ.

પ્રશ્ન-3 **માગ્યા મુજબ લખો.**

(1) નીચેના વાક્યમાંથી શબ્દસમૂહ શોધી તેના માટે એક શબ્દ લખો. (1)

- નવી પરણેલી સ્ત્રીના આગમનથી પરિવારમાં આનંદ છવાઈ ગયો.

(2) નીચેના વાક્યમાંથી સમાસ ઓળખાવો અને તેનો પ્રકાર જણાવો. (1)

- પુસ્તક પચાસ-સાઈઠ રૂપિયાથી વધારે કિંમતનું નથી.

(3) નીચેના વાક્યોમાંથી સાદું વાક્ય, સંયુક્ત વાક્ય તથા મિશ્ર અને સંકુલ વાક્ય ઓળખાવો. (3)

I. અતિથિ માટે ખુરશીની વ્યવસ્થા રખાઇ છે, પણ તેઓ નીચે બેસવાનો આગ્રહ રાખે છે.

II. તેમણે કહ્યું, પ્રજાનું હતું અને પ્રજાને આપ્યું ને? એમાં કયો ઉપકાર કર્યો? વળી, પૂ.બાપુના ચરણે ધરવાનું અમને તો પરમ સદ્ભાગ્ય સાંપડ્યું.

III. મારી પ્રજા સુખી રહો.

પ્રશ્ન-4 (અ) **અલ્પવિરામના ઉપયોગથી અર્થ બદલાતો હોય તેવાં બે વાક્યો લખો.** **(2)**

ઉદા. અહીં ગંદકી કરવી, નહિ કરનારને સજા થશે.

સુધારેલુ વાક્યઃ અહીં ગંદકી કરવી નહિ, કરનારને સજા થશે.

પ્રશ્ન-4 (બ) **નીચે આપેલ વિરામચિહ્નોનો ઉપયોગ કરી એક-એક વાક્ય બનાવીને લખો.** **(3)**

(1) પ્રશ્નાર્થ ચિહ્ન (2) ઉદ્ગાર ચિહ્ન (3) અવતરણ ચિહ્ન

પ્રશ્ન-5 **તમારા વિસ્તારમાં ઘણી વ્યક્તિઓએ સમાજ સેવા કે અન્ય કોઇ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપ્યું હશે. આવી કોઇ એક વ્યક્તિ વિશે લખો.** **(5)**

શિક્ષક માટેઃ

પ્રશ્ન નંબર	અ.નિ. ક્રમાંક	વિધાન
1	G812	સાંભળેલી કે વાંચેલી તથા પાઠ્ય પુસ્તક અને અન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોનાં જવાબ લખે છે.
2	G815	કાવ્યપંક્તિઓનું પદ્યમાંથી ગદ્યમાં અને ગદ્યમાંથી પદ્યમાં લેખન કરે છે.
3	G819	વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.
4	G819	વ્યવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.
5	G810	વિશેષ વ્યક્તિ, સંસ્થા, પરિચિત પ્રસંગો, સ્થળોની મુલાકાત લઈ તેના જીવન ચરિત્ર તથા પરિચય અંગે તેમજ પોતાના વિચારો અને મંતવ્યો આત્મવિશ્વાસ પૂર્વક રજૂ કરે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ 8 | **ગુજરાતી** | **સપ્ટેમ્બર, 2021**

સમયઃ 1 કલાક | **કુલ ગુણઃ 25**

G812 સાંભળેલી કે વાંચેલી તથા પાઠ્યપુસ્તક અને અન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખે છે.

પ્રશ્ન- 1 **"જુમો ભિસ્તી" પાઠના આધારે જુમાના રહેઠાણનું વર્ણન કરો.** (5)

G812 સાંભળેલી કે વાંચેલી તથા પાઠ્યપુસ્તક અને અન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખે છે.

પ્રશ્ન-2 **પ્રશ્નોના જવાબ આપો.** (5)

(1) પ્રવર્તમાન સમયમાં પૈસા પાછળની માનવીએ લગાવેલી દોટને કારણે માનવી શું-શું ગુમાવે છે?

(2) કોવીડ-19ની હાલની પરિસ્થિતિમાં પરમાત્મા પાસે એક જ વરદાન માંગવાનું હોય તો તમે શું માંગો? શા માટે?

G815 કાવ્યપંક્તિઓનું ગદ્યમાંથી પદ્યમાં અને પદ્યમાંથી ગદ્યમાં લેખન કરે છે.

પ્રશ્ન-3 **આપેલ કાવ્યપંક્તિનું ગદ્યમાં લેખન કરો.**

(1) સરે અચાનક હોઠેથી બસ, એક વેણ તે, ખમ્મા! (1)

(2) ના સળગી એક સગડી મારી-
વાત વિપતની ભારી ; મહાનલ ! એક જ દે ચિનગારી (2)

(3) કોણે કીધું ગરીબ છીએ? કોણે કીધું રાંક? (2)
કાં ભૂલી જા મન રે ભોળા ! આપણા જુદા આંક.

G819 વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન-4 **માગ્યા મુજબ લખો.** (5)

1. નીચેના વાક્યમાં અલંકાર ઓળખી લખો.
   - આ ખેલાડી મહેન્દ્રસિંહ ધોની જેવો છે.
2. 'માતા' વિશે કોઇપણ એક કહેવત લખો.
3. નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.
   - તડકા-છાંયડા જોવા.
4. નીચેના શબ્દોને 'ઇક' પ્રત્યય લગાવી નવા શબ્દ બનાવો.
   - મર્મ : .....
   - તર્ક : .....
5. આપેલ શબ્દના ધ્વનિ છૂટા પાડી લખો. – મહેનત

G816 ગદ્ય તથા પદ્યનું સ્વતંત્ર લેખન કરે છે.

પ્રશ્ન-5 **ગઈકાલે તમે આખો દિવસ શું શું કર્યું તેની વિગતો દસ-બાર વાક્યોમાં લખો.** (5)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ- 8 **ગુજરાતી (ગુજરાતી માધ્યમ)** **જુલાઈ, 2021**

સમય : 2 કલાક **કુલ ગુણ : 50**

અ.નિ. સ્વતંત્ર લેખન કરે છે.

પ્રશ્ન-1 **'ઓનલાઇન શિક્ષણ ' વિશે દશ-બાર વાક્યોમાં નિબંધ લખો.** **(05)**

અ.નિ. બિલ, રિસિપ્ટ, રેપર, રિપોર્ટ, જાહેરાત વગેરેમાં આપેલ માહિતી સમજે છે અને ઉપયોગ કરે છે.

પ્રશ્ન-2 **નીચે આપેલ માહિતીના આધારે પ્રશ્નોના જવાબ આપો.** **(05)**

જય અંબે ટુર એન્ડ ટ્રાવેલ્સ
દિવાળીની રજાઓમાં ગોવાની મજા
4 દિવસ અને 3 રાત્રિ , માત્ર 20 યુગલ માટે વહેલા તે પહેલાના ધોરણે બુકિંગ
• આવવા-જવા રેલવેની ટિકિટ સાથે • ડિલક્ષ હોટેલમાં એસી રૂમમાં રોકાણ • ડેઇલી બુફે બ્રેકફાસ્ટ-લંચ-ડિનર • 1 દિવસ સાઉથ ગોવા સાઇટ સીન • ગોવા રેલવે સ્ટેશનથી પીક અપ અને ડ્રોપ
ફક્ત રૂ.6999/-
ટુર ઉપડવાની તારીખ: 5, 7, 11, 18, 25 નવેમ્બર-2021
સંપર્ક નંબર-53461XXXXX, 42368XXXXX
અવધ કોમ્પ્લેક્ષ, જય બેકરી સામે, કબીલપોર,નવસારી

પ્રશ્નો:

(1) પ્રવાસનું આયોજન કયા મહિનામાં કરવામાં આવ્યું છે?

(2) પ્રવાસમાં કોણ જઈ શકે?

(3) પ્રવાસમાં કઇ સુવિધા આપવામાં આવશે?

(4) પ્રવાસીઓ નવસારીથી ગોવા કયા વાહનમાં જશે ?

(5) 'બુફે બ્રેકફાસ્ટ' એટલે શું?

અ.નિ. વિશેષ વ્યક્તિ, સંસ્થા , પરિચિત પ્રસંગો, સ્થળોની મુલાકાત લેશે અને પરિસ્થિતિ સંદર્ભે પોતાના અનુભવો, વિચારો અને મંતવ્યો આત્મવિશ્વાસપૂર્વક રજૂ કરે છે.

પ્રશ્ન-3 તમારા જીવનમાં તમને કોઇએ મદદ કરી હોય અથવા તમે કોઈને મદદ કરી હોય તે પ્રસંગ વિશે લખો. (05)

અ.નિ. આશરે 4000 જેટલા શબ્દો જાણે છે અને શબ્દકોશ, જોડણી તથા વ્યાવહારિક વ્યાકરણ, બાળકોશનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન-4 બોક્ષમાં આપેલા અક્ષરોનો ઉપયોગ કરી માગ્યા મુજબ શબ્દ બનાવી લખો. (05)

કે	બિ	ળ
વા		રી
લા	લ	ડી

1. એક પ્રાણીનું નામ .....
2. વનસ્પતિનું નામ .....
3. એક કઠોળનું નામ .....
4. રંગનું નામ .....
5. એક ફળનું નામ .....

અ.નિ. યોગ્ય મરોડ સાથે બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી વાતચીત, ઘટના કે પ્રસંગનું વર્ણન લખી શકે છે.

પ્રશ્ન-5 વિરામચિહ્નો મૂકી ફકરો ફરીથી લખો. (05)

ગામ નાનું એમાં મોન્ટુભાઈનું નામ મોટું કોઈને ચીડવવામાં નામ મોટું કોઈને ધમકાવવામાં નામ મોટું લીમડાની ડાળી ઝૂકી ત્યાં બેઠેલા પોપટભાઈ બોલ્યા આમ આવું તો સાવ ખોટું ને ભાઈ આવી રીતે નામ મોટું બને એ મોટું ન કહેવાય આ તો પેલા જેવું થયું ઢમ.....ઢોલ.....માંહે પોલમપોલ મોન્ટુભાઈને લાગ્યું સાચી વાત આવું તો સાવ ખોટું જ કહેવાય મારે ખરેખર નામ મોટું કરવું જોઈએ.

અ.નિ. જોયેલી સાંભળેલી કે વાંચેલી તથા પાઠ્યપુસ્તક અને અન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખે અને કાર્યકારણ સબંધોને આધારે વધારે માહિતી મેળવવા-શા માટે? કેવી રીતે? જેવા પ્રશ્નો પૂછીને જવાબ આપે છે.

પ્રશ્ન-6 ફકરાનું વાચન કરી પ્રશ્નોના જવાબ આપો. (05)

શ્રમથી મનુષ્યનું શરીર ઘડાય છે અને મન પ્રફુલ્લિત રહે છે. શ્રમથી વ્યવસ્થાશક્તિ ખીલે છે અને મનોબળ દૃઢ બને છે. શ્રમ કરનાર માણસ પોતાનું કાર્ય નિષ્ઠાપૂર્વક અને સમયસર કરી શકે છે એને કદી "પારકી આશ સદા નિરાશ" નો કડવો અનુભવ થતો નથી. વળી, શ્રમથી પ્રાપ્ત કરેલી વસ્તુ વધુ પ્રિય લાગે છે. જાતે શ્રમ કરવાથી માણસ કરકસર કરી શકે છે અને બહોળો અનુભવ મેળવે છે. શ્રમ કરનાર માણસનું ઘરમાં, કુટુંબમાં અને સમાજમાં ઊંચું મૂલ્ય અંકાય છે. "જેણે કામ કર્યું, તેણે કામણ કર્યું". એ કહેવત કેટલી સાચી છે. સખત પરિશ્રમ કરનાર માનવી જ ઉજ્જવળ અને નિશ્ચિત ભાવિનું ઘડતર કરી શકે છે. જે દેશના લોકો પરિશ્રમનું ગૌરવ કરે છે, તે દેશ જ ઝડપી પ્રગતિ સાધી શકે છે. પરિશ્રમરૂપી પારસમણિ દુઃખને સુખમાં, નિરાશાને આશામાં અને નિષ્ફળતાને સફળતામાં ફેરવી નાખે છે. પ્રચંડ પરિશ્રમ અને પ્રબળ પુરુષાર્થના બળે જ મનુષ્ય વિકાસની પરિસીમાએ પહોંચી શક્યો છે.

પ્રશ્નો:-

(1) આ ફકરામાં વપરાયેલી કહેવતો લખો.

(2) શ્રમ કરનારને ક્યા ફાયદા થાય છે?

(3) લોકોના શ્રમ અને દેશના વિકાસ વચ્ચે શું સંબંધ છે?

(4) પરિશ્રમને કેમ પારસમણિ કહેવામાં આવ્યો છે?

(5) 'જેણે કામ કર્યું, તેણે કામણ કર્યું.' – સમજાવો.

અ.નિ. કાવ્ય મુખપાઠ , કાવ્યપૂર્તિ, વિચાર-વિસ્તાર, સૂક્તિ, કહેવતો સમજે છે અને લખે છે.

પ્રશ્ન-7 નીચેની પંક્તિઓ તમારા શબ્દોમાં સમજાવો. (05)

ઉગે છે પ્રભાત આજ ધીમે ધીમે,
ઉગે છે ઉષાનું રાજ્ય ધીમે ધીમે..... ઊગે છે.
રજનીની ચૂંદડીના છેડાના હીરલા શા,
ડૂબે છે તારલા આજ ધીમે ધીમે..... ઊગે છે.

અ.નિ. સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો, વચન, કાળ, વાક્યના પ્રકાર, સંજ્ઞા, વિશેષણ, વિરામચિહ્નો, જોડણી સહિત વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન-8 નીચેના વાક્યોમાંથી વિશેષણ શોધો. (05)

(1) આખા વર્ગમાં ધ્રુવ સૌથી હોશિયાર વિદ્યાર્થી છે.

(2) ગામ નજીકના બગીચામાં ઘણાં બધાં સુંદર ફૂલો છે.

(3) આખા વર્ગમાં માત્ર જૈમિની પાસે જ લાલ પેન છે.

(4) હું રોજ સવારે કડવા લીમડાનું દાંતણ કરું છું.

(5) વડના ઝાડ નીચે પાંચ વિદ્યાર્થીઓ આરામથી બેઠા બેઠા વાંચે છે.

અ.નિ. સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો, વચન, કાળ, વાક્યના પ્રકાર, સંજ્ઞા, વિશેષણ, વિરામચિહ્નો, જોડણી સહિત વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન-9 સૂચના મુજબ જવાબ આપો. (05)

(1) અવતરણચિહ્નનો ઉપયોગ થતો હોય તેવું વાક્ય બનાવીને લખો.

(2) નીતા નૃત્યમાં તો પાવરધી છે જ ..... ભણવામાં પણ હોંશિયાર છે.

(યોગ્ય સંયોજક મૂકી વાક્ય પૂર્ણ કરો.)

(3) કોઈ એક શબ્દ પસંદ કરી તેનો શબ્દાર્થ અને વિરુદ્ધાર્થી શબ્દ લખો.

ઉદા. દીન - ગરીબ દીન × તવંગર

(4) જમ્યા વિના અશક્ત થઈ ગયા હોય તેમ દાદા ધીમેધીમે ચાલતા હતા. (ક્રિયાવિશેષણ શોધો.)

(5) પેલા સુંદર રંગોળી કરતા વિદ્યાર્થીની મારે મુલાકાત કરવી છે. (સર્વનામ શોધો.)

અ.નિ. વાર્તા, કાવ્યો, ચિત્ર, વર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે.

પ્રશ્ન-10 નીચે આપેલ શબ્દનો ઉપયોગ કરી વાર્તા બનાવીને લખો. (05)

શિયાળ, સસલું , મોબાઈલ, જન્મદિવસ, નોતરું, સિંહ, વન, ડાન્સ, પર્વત, નદીકિનારો, આનંદ, ગુસ્સો, ઝડપથી, તરત જ)